ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH

[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક : બીકેએનએમયુ/શા.શિ./૩૯૨/૨૦૨૬ તા : ૦૭/૧૧/૨૦૨૬

પરિપત્ર :-

વિષય : વર્ષ ૨૦૨૬-૨૭ ની આંતર કોલેજ સ્પર્ધાઓ નુ આયોજન તારીખ ૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ : ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૦૬/૧૧/૨૦૨૬ પત્ર CHE2026- 27/KCG/1348

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીની આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન સ્પોર્ટ્સ કેલેન્ડર ૨૦૨૬-૨૭ અનુસાર નક્કી કરવામાં આવેલ હતું. ઉક્ત સંદર્ભ પત્ર દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓએ તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં તમામ આંતર કોલેજ સ્પર્ધાઓ પૂર્ણ કરવા જણાવેલ છે.

અત્રેની યુનિવર્સિટીની વર્ષ ૨૦૨૬-૨૭ની નીચે મુજબની આંતર કોલેજની સ્પર્ધાઓનું આયોજન થયાનું બાકી હોય. જે સ્પર્ધાઓ તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ થાય તે મુજબનું આયોજન, આયોજક કોલેજોએ કરવાનું રહેશે.

ક્રમ	સ્પર્ધાનું નામ	આયોજક સંસ્થાનું નામ
૧	કુસ્તી (ભાઈઓ – બહેનો)	શ્રી આર. એસ. કંડોરીયા આર્ટસ કોલેજ – નંદાણા.
૨	ખો-ખો (ભાઈઓ)	ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
૩	રોડ સાયકલીંગ	જે. જે. સી. ઈ. ટી કોલેજ, જુનાગઢ.
૪	એથલેટીક્સ	ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.

Registrar
Bhakta Kavi Narsinh Mehta
University, Junagadh

બીડાણ :
(૧) ઉક્ત સંદર્ભ પત્રની નકલ.

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.
(૨) સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.
(૩) સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર્સ ઈન્ચાર્જશ્રીઓ.

નકલ સાદર રવાના :
(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ. (જાણ અર્થે)
(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર.

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : phyedu@bknmu.edu.in

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

No.CHE/2026-27/KCG/૧૩૪૮. તા..૦૬.૧૧.૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ સ્ટેટ યુનિવર્સીટી,

ગુજરાત રાજ્ય.

વિષય: આંતર યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાના આયોજન માટે આપની યુનિવર્સીટી કક્ષાની અને કોલેજો કક્ષાની સ્પર્ધાઓ તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૦૧/૦૭/૨૦૨૬ના રોજનો ઠરાવ ક્રમાંક: ED/KEF/e-file/3/2026/0534/KH-1.

શ્રીમાન,

ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓની ફિટ ઈન્ડિયા મુવમેન્ટમાં સક્રિય ભાગીદારી વધારવા તેમજ કોમનવેલ્થ ગેમ્સ, ઓલમ્પિક્સ, ખેલો ઈન્ડિયા, રાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટી ગેમ્સ જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સ્પર્ધાઓમાં રાજ્યનું પ્રતિનિધિત્વ વધારવાના હેતુસર, રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સ્તરે સંકલિત રીતે આંતર યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવા વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબત તરીકે રાજ્યમાં આંતર યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવા માટે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે જાન્યુઆરી,૨૦૨૭ સુધીમાં રાજ્ય કક્ષાએ આંતર યુનિવર્સિટી રમતગમત સ્પર્ધાનું આયોજન કરવાનું વિચારણા હેઠળ છે. આ માટે તમામ સ્ટેટ યુનિવર્સીટી પાસેથી મેળવેલ ડેટાના આધારે કુલ ૩૨ રમતોની યાદી આ સાથે સામેલ કરવામાં આવેલ છે.

જાન્યુઆરી-૨૦૨૭ સુધીમાં આંતર યુનિવર્સીટી રમતગમત સ્પર્ધાનું આયોજન થઇ શકે તે માટે યાદી મુજબની તમામ રમતોની આપની યુનિવર્સિટીને સંલગ્ન તમામ સરકારી તથા ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો કક્ષાએ સ્પર્ધાઓ તા.૧૦/૧૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ થાય તે માટે કોલેજોને પરિપત્ર કરીને સમયમર્યાદામાં પાલન થાય તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. ઉપરાંત, આ તમામ રમતોની આપની યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધાઓ પણ તા.૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ માટે કેસીજી દ્વારા પોર્ટલનું લોન્ચિંગ તા.૧૧/૧૨/૨૦૨૬ના રોજ કરવા વિચારણા હેઠળ છે. પરિણામે, આપની યુનિવર્સીટી કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ થયેથી યાદી મુજબની સ્પર્ધાઓ માટે યુનિવર્સીટી કક્ષાની ટીમે નક્કી કરીને તેઓની આ પોર્ટલ પર તા.૧૧/૦૧/૨૦૨૭ સુધીમાં અચૂક નોંધણી થઇ જાય તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે. આ માટે ટીમ ગેમ્સ તથા વ્યક્તિગત ગેમ્સ બંને માટે ઓનલાઈન પોર્ટલ મારફતે નોંધણી કરવાની રહેશે. આથી, પસંદ કરેલ ખેલાડીઓ/ટીમની વિગતો નિયત સમયમર્યાદામાં ઓનલાઈન નોંધણી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

વધુમાં, આપની યુનિવર્સિટીને સંલગ્ન તમામ સરકારી તથા ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોને મોકલવામાં આવતા પરિપત્રની નકલ gsiug-kcg@gujgov.edu.in પર ઈ-મેઇલ મારફતે મોકલી આપવાની રહેશે.

(દિલીપ રાણા, IAS)
કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ

બીડાણ:

૩૨ રમતોની યાદી

નકલ રવાના:

કુલપતિશ્રી, તમામ સ્ટેટ યુનિવર્સીટી, ગુજરાત રાજ્ય

List of Games

Sr No	Name of Game
1	Athletics
2	Swimming
3	Chess
4	Badminton
5	Judo
6	Table Tennis
7	Wrestling
8	Boxing
9	Archery
10	Basketball
11	Cross Country
12	Kabaddi
13	Rifle Shooting
14	Football
15	Cycling
16	Hockey
17	Kho Kho
18	Handball
19	Power Lifting
20	Weight Lifting
21	Volleyball
22	Tennis
23	Yogasana
24	Taekwondo
25	Karate
26	Beach Volleyball
27	Beach Handball
28	Softball
29	Tug of War
30	3* 3 Basketball
31	Mallakhambh
32	Fencing